# ટ્રાન્સ વર્લ્ડ રેડિયો - ઈન્ડિયા

## ''વિજેતા'' પ્રાર્થના કેલેન્ડર - નવેમ્બર, ૨૦૨૩

પો.બો. નં. ૨૦૩૯, ફતેહગંજ, વડોદરા - ૩૯૦૦૦૨

(૧) ધન્ય વ્યક્તિ : પ્રભુ ઈસુએ કહ્યું ''આત્મામાં જેઓ રાંક છે તેઓને ધન્ય છે, કેમકે આકાશનું રાજ્ય તેઓનું છે.'' (માથ્થી ૫ઃ૩) ઈશ્વર સાથેના મહત્વપૂર્ણ સંબંધની બહાર પુરુષો તેમની આત્મિક ગરીબાઈને ઓળખે અને તેમની સ્વર્ગીય હાજરીની ઊંડી સમજને અનુસરે તે માટે પ્રાર્થના કરો.

(૨) શોક : ઈસુએ કહ્યું ''જેઓ શોક કરે છે તેઓને ધન્ય છે. કેમકે તેઓ દિલાસો પામશે.'' (માથ્થી ૫ઃ૪) પુરુષો પોતાના પાપ માટે શોક કરે અને દોષિત માને, કબુલાત કરે અને પસ્તાવો કરીને દિલાસો આપતી માફી પામે તે માટે પ્રાર્થના કરો.

(૩) નમ્રતા : ''જેઓ નમ્ર છે તેઓને ધન્ય છે, કેમકે તેઓ પૃથ્વીનું વતન પામશે.'' (માથ્થી ૫ઃ૫) માણસો શીખવવા લાયક અને નમ્ર, ઈશ્વર અને તેમના માર્ગદર્શકોના શિક્ષણ માટે ખુલ્લા રહે તે માટે પ્રાર્થના કરો. પ્રાર્થના કરો કે અભિમાની પુરુષો ઈશ્વરના સમર્થ હાથ તળે પોતાને નમ્ર બનાવે.

(૪) ભૂખ : ઈસુએ કહ્યું, ''જેઓને ન્યાયીપણાની ભૂખ તથા તરસ છે, તેઓને ધન્ય છે. કેમકે તેઓ ધરાશે.'' (માથ્થી ૫ઃ૬) પુરુષો ઘણી વાર પોતાના હૃદયના ખાલીપાને ખોટી બાબતોથી ભરવાનો પ્રયત્ન કરે છે. ઈશ્વર માટે ભૂખ અને તરસ રાખનાર માણસો માટે પ્રાર્થના કરો અને તેમના ન્યાયીપણાને પ્રાપ્ત કરે તે માટે પ્રાર્થના કરો.

(૫) દયા : ''દયાળુઓને ધન્ય છે, કેમકે તેઓ દયા પામશે.'' (માથ્થી ૫ઃ૭) પુરુષો માટે પ્રાર્થના કરો કે તેઓ તેમના કુટુંબો અને સહકાર્યકરો પ્રત્યે દયાળુ હૃદય રાખે. બદલો લેવાને બદલે તેઓ ક્ષમાશીલ હૃદય ધરાવે અને અન્ય લોકોના પાપોને પોતાના પ્રત્યે લોકો જુએ તેમ જોવા માટે પ્રાર્થના કરો.

(૬) મધ્યસ્થી : ''પણ મેં તારે સારુ વિનંતી કરી છે, તારો વિશ્વાસ ખૂટે નહિ.'' (લૂક ૨૨ઃ૩૨) આ પિતર માટે ઈસુના શબ્દો છે. ઈસુ તેમના શિષ્યો માટે પ્રાર્થના કરે છે. જ્યારે આપણે અન્ય લોકો માટે પ્રાર્થના કરીએ છીએ, ત્યારે આપણે તેની સાથે એકતામાં આવીએ છીએ.

(૭) પ્રેમાળ ઈશ્વર : ઈસુએ પિતરને ત્રણ વાર પૂછ્યું ''શું તું મને પ્રેમ કરે છે ?'' (યોહાન ૨૧ઃ૧૫-૧૭) ત્યારબાદ ઈસુ પિતરને કોઈપણ દોષ વિના પુનઃસ્થાપિત કરે છે. ઈસુનો પ્રશ્ન ''શું તું મને પ્રેમ કરે છે ?'' પિતરને માટે અને આપણા માટે તેમની સેવાના તેડા માટે નિર્ણાયક બને છે.

(૮) સંગત : ''પણ જેમ તે પ્રકાશમાં છે, તેમ જો આપણે પ્રકાશમાં ચાલીએ, તો આપણને એકબીજાની સાથે સંગત છે અને તેના પુત્ર ઈસુનું રક્ત આપણને સઘળા પાપથી શુદ્ધ કરે છે.'' (૧ યોહાન ૧ઃ૭) આ સાચી સંગતની ચાવી છે. ચાલો, તેમની મંડળીના ઉદ્ધાર પામેલા સભ્યો તરીકે પ્રકાશમાં ચાલીએ.

(૯) વહીવટકર્તા : જ્યારે આપણે ઈસુ સાથે રહીએ છીએ, ત્યારે હવે કંઈપણ આપણું નથી. મારું ઘર, પૈસા, શરીર એ મારું નથી. બધું જ ઈસુનું છે, પણ હું તેનો ઉપયોગ કરી શકુ છું અને તેનો આનંદ લઈ શકું છું અને એક સારા સંચાલક તરીકે ઈશ્વર પ્રત્યે સંચાલન કરું છું. (પ્રે.કૃત્યો ૪ઃ૩૨)

(૧૦) પુરુષાતન : સાવધ રહો, વિશ્વાસમાં દૃઢ રહો, પુરુષાતન દેખાડો, બળવાન થાઓ. (૧ કરિંથી ૧૬ઃ૧૩) આપણા માટે બાઈબલનાં મૂલ્યો સાવધાની, વિશ્વસનીયતા, વફાદારી અને સામર્થ્ય છે. ઈશ્વર આપણને આ ચારિત્ર્ય, ગુણો વિકસાવવા અને તેમના હૃદય પ્રમાણેના પુરુષ બનવામાં મદદ કરવા માંગે છે.

(૧૧) જીવવું તે ખ્રિસ્ત છે : વ્હાલા ઈશ્વર, મને ખ્રિસ્તમાં મારી ઓળખ બતાવો. જેમ તમે મને જુઓ છો એવી રીતે જોવા મને સહાય કરો. તમે મને જેવો જુઓ છો તે રીતે તમે મારી ખ્રિસ્તમાં જીવંત રચના કરી છે. તે જ ખરું અને સાચું જીવન છે. મરણ એ લાભ છે એવા આત્મવિશ્વાસ સાથે મને હિંમતપૂર્વક મૃત્યુનો સામનો કરવા સક્ષમ કરો. (ફિલીપી ૧ઃ૨૧)

(૧૨) અંતિમ નવનિર્માણ : મારે મારા જીવનને બદલવાનો પ્રયત્ન કરવો જોઈએ નહિ. હવે મને ખ્રિસ્ત મળ્યા છે, તમે મને માંહેથી બદલ્યો છે. મને જૂના જીવનમાંથી નવા મહિમાવંત જીવનમાં બદલવા બદલ આપનો આભાર. તમે મને ખ્રિસ્ત સાથેના જોડાણમાં સંપૂર્ણપણે નવો બનાવ્યો છે. (૨ કરિંથી ૫:૧૭)

(૧૩) મરણ - જીવનનું પ્રવેશદ્વાર : વ્હાલા ઈશ્વર, હું માનું છું કે તમારો માર્ગ શ્રેષ્ઠ છે. મારા જીવનમાં તમારા માર્ગમાં ચાલવાની કૃપા મને આપો. જ્યારે તમે વધસ્તંભ પર મૃત્યુ પામ્યા ત્યારે આદમમાં મારું જૂનું સ્વાર્થી જીવન પૂરું થયું. હું વધસ્તંભ પર તમારી સાથે મારું મૃત્યુ સ્વીકારુ છું. હું મારા જૂના જીવનને ત્યજુ છું. ખ્રિસ્તમાં આ સુંદર નવા જીવન માટે તમારો આભાર. (માથ્થી ૧૬:૨૪)

(૧૪) મિથ્યા શ્રમ : હે સ્વર્ગીય પિતા, હું તમારા માટે સખત મહેનત કરી રહ્યો છું, પરંતુ તેનો કોઈ ફાયદો નથી. તમારું રાજ્ય સ્વર્ગીય રાજ્ય છે અને તમે કહ્યું છે કે ફક્ત મારો આત્મિક શ્રમ ક્યારેય નિરર્થક જતો નથી. મને ઈશ્વરના સહકાર્યકર બનાવવા બદલ તમારો આભાર. (ગી.શા. ૧૨૭:૧)

(૧૫) ઈશ્વરમાં આરામ : વ્હાલા ઈશ્વર, મેં તમારા માટે જીવવાનો પ્રયત્ન કર્યો છે, પરંતુ હું નિષ્ફળ રહ્યો છું. હું એટલો કંટાળી ગયો છું કે હું હવે પ્રયાસ કરવાનો ઈન્કાર કરું છું. તમે મને તમારી પાસે આવવા આમંત્રણ આપો છો. મને ખ્રિસ્ત મળ્યા છે માટે આભાર. હું તમારી સાથે ઐક્યતામાં જોડાયો છું. તેથી હવે હું મારા બોજ વહન કરનાર તરીકે તમારામાં આરામ કરું છું. (માથ્થી ૧૧:૨૮-૩૦)

(૧૬) સાચી સફળતા : ''એ નિયમશાસ્ત્ર તારા મોંમાંથી જાય નહિ, તેનું મનન કર ..... ત્યારે જ તારો માર્ગ આબાદ થશે અને ત્યારે જ તું ફતેહ પામશે.'' (યહોશુઆ ૧:૮) કાયમી અને પૂર્ણ સફળતા ભૌતિક અને માનવ વિજયથી પર છે. તેથી વચનના પુરુષ બનો. તેના પર મનન કરો અને તેના અનંતકાળિક મૂલ્યો થકી જીવો.

(૧૭) સામાન્ય ખ્રિસ્તી જીવન : ''જેઓ ખ્રિસ્ત ઈસુમાં ભક્તિભાવથી ચાલવા ઈચ્છે છે, તેઓ સઘળા પર સતાવણી થશે જ.'' (૨ તિમોથી ૩:૧૨) સુવાર્તાની નિરપેક્ષતા આજે આનંદ અને સાપેક્ષવાદની વધતી જતી ઉપાસનાનો વિરોધ કરે છે. જ્યારે નવા સામાન્ય ખ્રિસ્તના અનુયાયીઓની સતાવણી થાય ત્યારે દઢ રહે તે માટે પ્રાર્થના કરો.

(૧૮) યોગ્યતા : ''કોઈપણ બાબતનો નિર્ણય અમારા પોતાનાથી થાય એવા અમે યોગ્ય નથી. અમારી યોગ્યતા દેવ તરફથી છે.'' (૨ કરિંથી ૩:૫) આપણે ક્યારેય ભૂલવાનું નથી કે ખ્રિસ્તી જીવન ખ્રિસ્તનું જીવન છે. ફક્ત તે જ અને તે આપણામાં અને આપણા દ્વારા જીવી શકે છે. તેથી એકલા હાથે સંભાળવાનો નકાર કરો અને ઈશ્વરની ઈચ્છાને નમ્ર આજ્ઞાપાલનમાં સમર્પિત થાઓ.

(૧૯) સંઘર્ષ : ''તમે પાપની સામા બાથ ભીડો છો, પણ રક્તપાત સુધી તમે હજી બાથ ભીડી નથી.'' (હિબ્રૂ ૧૨:૪) કેમકે ખ્રિસ્તે વધસ્તંભ પર તેમનું રક્ત વહેવડાવ્યું છે, આપણે પાપના દંડમાંથી મુક્ત થયા છીએ. પરીક્ષણનો સામનો કરવા અને તમારા પોતાના જીવનના અંત સુધી સમર્પિત થવા તૈયાર રહેવા પ્રાર્થના કરો.

(૨૦) ન્યાયાધીશ : ''દેવે એને જ જીવતાનો તથા મૂએલાંનો ન્યાયાધીશ ઠરાવેલો છે.'' (પ્રે.કૃત્યો ૧૦:૪૨બ) ખ્રિસ્ત તેને બચાવવા માટે જગતમાં આવ્યા. જેમ ઈશ્વર તમને તક આપે તેમ સુવાર્તા પ્રગટ કરવા તૈયાર રહો, પણ વિરોધ કરનારને પણ ચેતવણી આપવા તૈયાર રહો. કેમકે અવિશ્વાસી માટે તે ન્યાયાધીશ હશે.

(૨૧) અંતિમ વચન : ''પણ હું જાણું છું કે મારો ઉદ્ધાર કરનાર જીવે છે, આખરે તે પૃથ્વી પર ઊભો રહેશે.'' (અયૂબ ૧૯:૨૫) જેઓ જોરથી બોલે છે, સૌથી વધુ અનુસરનારા છે અથવા સૌથી વધુ રાજકીય પ્રભાવ ધરાવે છે તેનાથી વધુ પ્રભાવિત થશો નહિ. આ જગતના સામ્રાજ્યો જતાં રહેશે. આપણા આવનાર અને અનંતકાળિક રાજા પ્રભુ ઈસુ ખ્રિસ્ત પર ધ્યાન કેન્દ્રિત કરો.

(૨૨) મીઠા અને પ્રકાશ સમાન હોવું : ''તમે જગતનું મીઠું છો, પણ જો મીઠું બેસ્વાદ થયું હોય તો તે શાથી ખારું કરાશે ? બહાર ફેંકાવા તથા માણસોના પગ તળે છુંદાયા વગર તે બીજા કંઈ કામનું નથી.'' (માથ્થી ૫:૧૩) ખ્રિસ્ત તેમના શિષ્યોને જીવન અને બદલાણના એજન્ટ તરીકે તેડે છે. આજે તમારા દ્વારા ખ્રિસ્તનો પ્રકાશ રેલાય તે માટે પ્રાર્થના કરો.

(૨૩) માંદગી : ''જેથી મરણ થાય એવો આ મંદવાડ નથી, પણ તે દેવના મહિમાને અર્થે છે.'' (યોહાન ૧૧:૪) દવા અને તંદુરસ્ત જીવન પૃથ્વી પર આપણો સમય લંબાવી શકે છે, પણ કાયમ માટે નહિ. ફક્ત ઈસુ ખ્રિસ્ત જ અનંતજીવન આપે છે. જો તમે તેના છો, તો તમારે ક્યારેય ડરવું જોઈએ નહિ. હંમેશા તમારી સાથે રહેવા માટે અને ઈશ્વરના મહિમા માટે માંદગીનો પણ ઉપયોગ કરવા બદલ તેમનો આભાર માનો.

(૨૪) એકાંત : ''સવારે પોહ ફાટતાં પહેલાં ઘણો વહેલો ઊઠીને તે બહાર ગયો, ને ઉજ્જડ ઠેકાણે જઈને તેણે ત્યાં પ્રાર્થના કરી.'' (માર્ક ૧:૩૫) ઈસુ ખ્રિસ્ત કરતાં કોઈની પાસે ક્યારેય કોઈ મોટી જવાબદારી અને વધુ મહત્વની કાર્યસૂચિ ન હતી. પ્રભુ હું તમને પ્રથમ શોધવા માગું છું. મને તમારો અવાજ સાંભળવા દો. હું તમારા માટે જીવવા અને તમારી ઈચ્છા પ્રમાણે કરવા માગું છું.

(૨૫) શુદ્ધ ધર્મ : ''વિધવાઓની અને અનાથોની તેઓનાં દુઃખની વખતે મુલાકાત લેવી અને જગતથી પોતાને નિષ્કલંક રાખવો એ જ દેવની, એટલે બાપની આગળ શુદ્ધ તથા નિર્મળ ધાર્મિકતા છે.'' (યાકૂબ ૧:૨૭) જેઓ ખોટ, જુદાઈ, નબળાઈ અને મૃત્યુની ભયંકર પીડા અનુભવતા હોય તેવા અનાથ અને વિધવાઓની ઈશ્વર સંભાળ રાખે છે. ઈશ્વર તમારા ધર્મની શુદ્ધતા દર્શાવવા માટે તમારો ઉપયોગ કરે તેવી ઈશ્વરને પ્રાર્થના કરો.

(૨૬) સત્ય બોલવું : ''પણ પ્રેમથી સત્યને અનુસરીને, ખ્રિસ્ત જે શિર છે, તેમાં સર્વ પ્રકારે વધીએ.'' (એફેસી ૪:૧૫) ખ્રિસ્ત અને દેવનાં વચનો સત્ય છે જેની આપણા જગતને જરૂર છે. ઈશ્વરના સત્યના જ્ઞાની અને પ્રેમાળ સાક્ષી બનવા માટે પ્રાર્થના કરો. કારણ કે તમે ખ્રિસ્તને તમારા ઘરમાં અને જરૂરિયાતમંદ જગતને માટે તમારામાં અને તેના દ્વારા જીવવા માટે જણાવ્યું છે.

(૨૭) સામાજીકરણ : આપણું જીવન વ્યસ્ત છે, પરંતુ દિવસના અંતે બધાની ઈચ્છા હોય છે કે એક કુટુંબનું સુખદ મિલન થાય. મુશ્કેલીઓ, બેકાબુ સ્વભાવ અને અધીરાઈ ઘરની શાંતિમાં ખલેલ પહોંચાડે છે. ''નમ્ર ઉત્તર ક્રોધને શાંત કરી દે છે, પણ કઠોર શબ્દો રીસ ચઢાવે છે.'' (નીતિવચનો ૧૫:૧) હે ઈશ્વર, મારા કુટુંબમાં તંદુરસ્ત વાતાવરણને પ્રોત્સાહન આપવા માટે મને મદદ કરો.

(૨૮) વિશ્વાસ : પિતા દ્વારા તેમના બાળકોને કહેવામાં આવેલા શબ્દો તેમના જીવનની સફરને નક્કી કરી શકે છે. નીતિવચનોનો જ્ઞાની પુરુષ પોતાના પુત્રને સૂચના આપે છે. ''તારો વિશ્વાસ યહોવા પર રહે માટે આજે મેં તને હા, તને, તે જણાવ્યા છે.'' (નીતિવચનો ૨૨:૧૯) પ્રભુ, મારું શિક્ષણ મારા બાળકોને તમારા વચનમાં વિશ્વાસ રાખવા અને મારા નમૂનાને અનુસરવા ઉત્તેજન આપે એવું થવા દો.

(૨૯) સારી લડાઈ : ''કેમકે અમારી લડાઈનાં હથિયાર સાંસારિક નથી, પણ દેવની સહાયથી કિલ્લાઓને તોડી પાડવાને તેઓ સમર્થ છે.'' (૨ કરિંથી ૧૦:૪) શબ્દો હંમેશા ખાતરી આપતા નથી. ખાસ કરીને જ્યારે આપણે દુન્યવી વિચારધારાઓ અને શિક્ષણ સામે લડવું જોઈએ. જેની સામે આપણાં બાળકોએ દરરોજ ખુલ્લું થવું પડે છે. હે ઈશ્વર, મને મારાં સ્વજનોને દુષ્ટ અસરોથી બચાવવા સહાય કરો.

(૩૦) સેવા : વિવાહિત જીવન એ સત્તાની હરિફાઈ નથી, પરંતુ જીવન છે. ''ખ્રિસ્તનું ભય રાખીને એકબીજાને આધીન રહો.'' (એફેસી ૫:૨૧) પુરુષો તરીકે આપણે આપણી પત્નીઓ પ્રત્યે યોગ્ય વલણ રાખીએ, તેમની સેવા કરીએ. આ રીતે આપણામાં ખ્રિસ્તના જીવનને પ્રદર્શિત કરીએ.

ટ્રાન્સ વર્લ્ડ રેડિયો - ઈન્ડિયા
પો.બો. નં. ૨૦૩૬, ફતેહગંજ, વડોદરા - ૩૯૦૦૦૨
**M. No. : 9327621391**
**Free MP3 download : radio882.com, twr media app**
**FB : https://www.facebook.com/twrgujarati/**
**Youtube : youtube.com/c/twrindiagujarati**
**Gujarati Internet FM Radio TWR : http://Radio882.com/fmgujarati**
**Gujarati TV Program : Gujarat First Channel, Time : 06:30 to 07:00 (Morning) (Monday to Saturday)**